**<u>નોનપ્લાન</u>**

**સને ૨૦૧૪-૧૫ના વર્ષના ફેરફાર કરેલ(Modified) અંદાજપત્રમા માંથી ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી ૨૦૧૫ સુધીની આયોજન બહાર હેઠળની ગ્રાન્ટ ફાળવણી અંગે. માંગણી નં. ૨૫, ૨૬, અને ૨૮**

**ગુજરાત સરકાર,**
**વન અને પર્યાવરણ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૪-નોનપ્લાન-૧૯૪(૩)-બ**
**સચિવાલય, ગાંધીનગર.**
તારીખઃ ૧૮-૧૧-૨૦૧૪

<u>વંચાણે લીધોઃ</u>

(૧) નાણાં વિભાગનો પરિપત્ર ક્રમાંકઃઅપબ-૧૦૨૦૧૪-૬૬૬-૨૪૪૮૦-ક, તા.૦૪.૦૪.૨૦૧૪, તા.૧૪.૦૫.૨૦૧૪ તા.૦૨.૦૮.૨૦૧૪, તા.૧૮.૦૯.૨૦૧૪ અને તા.૧૫.૧૧.૨૦૧૪

**<u>ઠરાવઃ-</u>**

ઉપર આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તા.૧૫.૧૧.૨૦૧૪ ના પરિપત્રથી સચિવાલયના સર્વે વિભાગોને **ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી ૨૦૧૫** ના બે માસ માટે આયોજન બહાર સદર હેઠળની બજેટ ગ્રાન્ટ બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવા સારૂ છુટી કરવામાં આવેલ છે. તદઅનુસાર વન અને પર્યાવરણ વિભાગ હસ્તક રૂ.૧૨૨,૪૮,૭૬.૮ હજાર ચાર્જનુ એડીશનલ ઓથોરાઇઝેશન મળી આયોજન બહારના સદરે કુલ **રૂ. ૩૧૭,૭૯,૧૭,૮૦૦/-** ( અંકે રૂપિયા ત્રણસો સત્તરકરોડ ઓગણએંસી લાખ સત્તરહજાર આઠસો પૂરા ) ની ગ્રાન્ટ ફાળવણી અત્યાર સુધી કરવામાં આવેલ છે. તદનુસાર નીચેની શરતો ને આધીન આ સાથેના પત્રક મુજબ વિભાગના તમામ સંબંધિત નિયંત્રણ અધિકારીઓને ખર્ચ કરવા સારૂ I.F.M.S. હેઠળ Online ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષની મંજૂર થયેલ બજેટ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે. આ સાથે I.F.M.S. હેઠળ Online છૂટી કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી પગાર ભથ્થાંની ચૂકવણીની અગ્રતા આપવાની રહેશે.ખાસ કરીને પગાર અને ભથ્થાં માટે થયેલ જોગવાઇની ગ્રાન્ટનોઉપયોગ અન્યહેતુમાટે કરી શકાશેનહિ તેમજનાણા વિભાગના તા. ૨૩-૦૪-૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ-અપબ-૧૦૨૦૧૪-૫૭૦-ક અનુસાર (૧) કુલ(૭) હેતુ વર્ગ (object class) પૈકી એક વર્ગના હેતુ સદરોમાં થી બીજા વર્ગના હેતુ સદરોમાં પુનઃ વહેંચણી કે ગ્રાન્ટની તબદીલી બાબતે દરખાસ્ત તૈયારકરી નાણા વિભાગને રજૂ કરવામાટે કાર્યવાહી કરવાની રહેશે. મુજબ જ ખર્ચ કરવાનો રહેશે તથા (૨) એકજ વર્ગના હેતુ સદરમાં અંદરોઅંદર પુનઃવહેંચણી સક્ષમ સત્તા અધિકારીની પર્વમંજૂરી લેવાની રહેશે.

(૨) અનુભાગ-ર, ચાલુ બાબતોનો અંદાજપત્રમાં સમાવેશ કરતાં અગાઉ નાણાકીય સલાહકારશ્રીના પરામર્શ કરવામાં આવેલ ન હોય તેવી ચાલુ બાબતો માટે ગ્રાન્ટ છૂટી કરતાં પૂર્વે નાણાંકીય સલાહકારશ્રીના પરામર્શ કરવાનો રહેશે. નવી સેવાઓ અંગે નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટી મંજૂરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટમાંથી મંજૂરી કરતાં વધુ ખર્ચ કરનાર અધિકારીઓને તે માટે જવાબદાર ગણવામાં આવશે.

(3) આ ગ્રાન્ટ પી.એલ.એ માં જમા કરી શકાશે નહીં.

(૪) આ સાથે દર્શાવેલ પત્રકમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાની ગ્રાન્ટનો પણ સમાવેશ થયેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે ભારત સરકારનો પરામર્શ કરી ભારત સરકાર તરફથી છુટી થયેલી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહે છે. ભારત સરકારને ફંડ ઉપયોગિતા પ્રમાણપત્ર સમયસર મોકલી રીએમ્બર્સમેન્ટ મેળવીને તેની જાણ નાણા વિભાગને કરવાની રહેશે.

(૫) અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરીને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં વ્યાજની ચુકવણી કરવાના હેતુસર જે એડવાન્સ ગ્રાન્ટ ફાળવેલ છે તે માટે ફેરફાર કરેલ અંદાજપત્રમાં જોગવાઇ કરેલ નથી તેથી તેઓએ આ ગ્રાન્ટસરભર કરવામાટે અંગે સુધારેલ અંદાજમાં જોગવાઇ કરાવવા માટે કાર્યવાહી કરવાની રહેશે..

(૬) આ સાથે ફાળવણી કરવામાં આવતી આયોજન બહાર હેઠળની ગ્રાન્ટની ફાળવણીમાંથી જે તે પેટા સદરો હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના જે કોઇ રકમના સુધારેલા અંદાજો નાણા વિભાગ દ્વારા મંજુર કરવામાં આવે તેને ધ્યાનમાં લઇને તેની મર્યાદામાં જ જરૂરી ખર્ચ કરવા સબંધિત ખાતા ના વડાને પણ જણાવવામાં આવે છે.

(૭) આથી, વિભાગને સંબંધિત કચેરીઓને જણાવવામાં આવે છે કે, જે કચેરીઓ હેઠળના ચાલુ વર્ષના અંદાજપત્રમાં શેર મૂડી ફાળા, સબસીડી અને લોન અંગેની આયોજન બહાર હેઠળ જે જોગવાઇ કરવામાં આવેલ છે, તેવી વહીવટી કચેરીઓએ જે તે બોર્ડ/કોર્પોરેશન/કંપની તેમજ સંસ્થાને આ અંગેની ગ્રાન્ટ ફાળવતા પહેલાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૭) એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ ખાતેના હિસાબોના મેળવણાની પધ્ધતિમાં સરળતા રહે તે માટે સર્વે ઉપાડ અને નિયંત્રણ અધિકારીઓ ધ્વારા સંબંધિત તિજોરીઓમાં રજૂ કરવામાં આવતા બીલોમાં પેટાસદરના ૧૨ ડીજીટના ચાર્જેબલ હેડ ઇ.ડી.પી. સેલની માહિતી માટે જણાવવાના રહેશે તેમજ હિસાબી સદરના પેટાસદર સુધીના ૧૧ ડીજીટ કોડ યોગ્ય રીતે દર્શાવાય તેની કાળજી રાખવાની રહેશે.

(૮) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર અને અમદાવાદ તથા સર્વે તિજોરી અધિકારી/પેટા તિજોરી અધિકારીઓએ છૂટી કરાયેલ ગ્રાન્ટની મર્યાદામાં બીલો પાસ કરવાના રહેશે.

(૯) ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારીઓ/ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ.એન.પટેલ
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાં વિભાગ "ક" શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે ઉપસચિવશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની તમામ શાખાઓ ( બજેટ સિવાય ) તરફ જાણ અને જરૂરી કાર્યવાહી માટે.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ.

વિણા/૨૩-૦૯-૨૦૧૩

**વન અને પર્યાવરણ વિભાગ/બ**

સાદર રજૂ,

પૃ    પ.વિ. પરનો નાણાં વિભાગનો તા.૧૫.૧૧.૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃઅપબ-૧૦૨૦૧૪-૬૬૬-૨૪૪૮૮૦-ક, તેના બીડાણ સહિત વંચાણે લેવા  વિનંતિ

નાણા વિભાગે  સચિવાલયના સર્વે વિભાગોને ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી ૨૦૧૫ ના બે માસ માટે આયોજન બહાર સદર હેઠળની બજેટ ગ્રાન્ટ બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવા સારૂ છુટી કરેલ છે. તદઅનુસાર વન અને પર્યાવરણ વિભાગ હસ્તક રૂ.૧૨૨,૪૮,૭૬.૮ હજાર ચાર્જનુ એડીશનલ ઓથોરાઇઝેશન મળી આયોજન બહારના સદરે કુલ રૂ. ૩૧૭,૭૯,૧૭,૮૦૦/- ( અંકે રૂપિયા ત્રણસો સત્તરકરોડ ઓગણએંસી લાખ સત્તરહજાર આઠસો પૂરા ) ની ગ્રાન્ટ ફાળવણી અત્યાર સુધી કરવામાં આવેલ છે.

તદનુસાર નીચેની શરતો ને આધીન પૃ  પ.વિ. પરના પત્રક મુજબ વિભાગના તમામ સંબંધિત નિયંત્રણ અધિકારીઓને ખર્ચ કરવા સારૂ I.F.M.S. હેઠળ Online ગ્રાન્ટ ફાળવણી કરીએ. ઠરાવનોમુસદ્દો પૃ    પ.વિ. પર અનુમતિ અર્થે રજૂ છે.

**સંયુકત સચિવશ્રી**

**અ.મુ.સચિવશ્રી**